પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૬૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૯-૦૬-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મણિપુર સરકાર 'નો વર્ક-નો પે' નિયમ લાગુ કરશે

## હિંસાના કારણે કર્મચારીઓ ઓફિસ જઈ રહ્યા નથી, લોકોએ કેમ્પમાં આશરો લીધો, સરકાર લોકોના જીવને જોખમમાં મૂકી રહી છે

ઈમ્ફાલ,

મણિપુરમાં ૩ મેથી કુકી અને મૈતેઈ સમુદાયો વચ્ચે ચાલી રહેલી હિંસાને કારણે ઘણા સરકારી કર્મચારીઓ ઓફિસમાં જઈ શકતા નથી. રજાની મંજૂરી લીધા વિના ઓફિસમાંથી ગુમ થયેલા આ કર્મચારીઓ માટે સરકાર નવો નિયમ લાવી રહી છે. મણિપુર સરકારના એક અધિકારીએ જણાવ્યું કે રાજ્ય સરકાર ટૂંક સમયમાં 'નો વર્ક-નો પે' નિયમ લાગુ કરશે. સરકારે તમામ વહીવટી સચિવોને એવા કર્મચારીઓની વિગતો આપવા જણાવ્યું છે જેઓ રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે કામ પર આવી રહ્યા નથી.



મણિપુરમાં લગભગ એક લાખ સરકારી કર્મચારીઓ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મણિપુરમાં વિસ્થાપિત થયેલા ૬૫,૦૦૦થી વધુ લોકોમાં રાજ્ય સરકારના ઘણા કર્મચારીઓનો સમાવેશ થાય છે, તેઓએ રાહત શિબિરોમાં આશ્રય લીધો છે.મણિપુરમાં ૬૫,૦૦૦થી વધુ લોકોએ તેમનાં ઘર છોડી દીધાં છે. આ લોકો સેનાના રાહત કેમ્પમાં રહે છે.

સરકારના નવા નિયમનો કુકી આદિવાસીઓના સંગઠન કુકી ઈમ્પી મણિપુર દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.કેઆઈએમના જનરલ સેક્રેટરી ખૈખોહાઉહ ગંગટેએ જણાવ્યું હતું કે, "મણિપુર સરકાર તેના કર્મચારીઓના જીવનને જોખમમાં મૂકી રહી છે, ખાસ કરીને જેઓ ઈમ્ફાલ ખીણમાંથી નીકળી ગયેલા લોકોના જીવ જોખમમાં મૂકી રહી છે. તેમણે કહ્યું, ઈમ્ફાલ પાછા જવાનો કોઈ રસ્તો નથી. ઈમ્ફાલ જવું એટલે કુકી લોકોના જીવ જોખમમાં મૂકવો.

હિંસાને જોતા રાજ્યમાં ઈન્ટરનેટ પ્રતિબંધ ૩૦ જૂન સુધી લંબાવવામાં આવ્યો છે. સર્વપક્ષીય બેઠકમાં ગૃહ મંત્રાલયે હિંસામાં અત્યાર સુધીમાં ૧૩૧ લોકોનાં મોતની માહિતી આપી હતી. તે જ સમયે ૪૧૯ લોકો ઘાયલ થયા છે. આગજનીના ૫ હજારથી વધુ બનાવો બન્યા છે. ૭ હજાર કેસ નોંધાયા છે અને ૧૪૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે. રાજ્યમાં ૩૬ હજાર સુરક્ષાકર્મીઓ અને ૪૦ આઈપીએસ તહેનાત કરવામાં આવ્યા છે.

મણિપુરમાં, ગયા મહિને થયેલી હિંસા દરમિયાન લૂંટાયેલાં ૫,૦૦૦થી વધુ હથિયારો બદમાશો દ્વારા વેચવામાં આવી રહ્યાં છે. સેના અને પોલીસના જવાનો દ્વારા ચાર હથિયારોના દાણચોરોની ધરપકડથી આ ખુલાસો થયો છે. આ સંબંધમાં રિઝર્વ બટાલિયનના રસોઈયાની પણ

### સરકારના નવા નિયમનો કુકી આદિવાસીઓના સંગઠન કુકી ઈમ્પી મણિપુર દ્વારા વિરોધ કરવામાં આવ્યો

ધરપકડ કરવામાં આવી છે. મણિપુરમાં ગયા મહિનામાં હિંસા દરમિયાન લૂંટવામાં આવેલાં પાંચ હજારથી વધારે હથિયારો હવે હિંસા પર ઉતરેલા લોકોને વેચવામાં આવી રહ્યાં છે. આનો ખુલાસો સેના અને પોલીસના જવાનો દ્વારા કરવામાં આવ્યો છે. ચાર હથિયારો દાણચોરો પાસેથી કબજે કરાયા બાદ આ અંગેની માહિતી સામે આવી છે. રિઝર્વ બટાલિયનના એક કુકની પણ આ સંબંધમાં ધરપકડ કરવામાં આવી છે. અલબત્ત તેના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી.

આ દાણચોરોની પાસેથી ચાર ૯ એમએમ કાર્બાઈન, એર પિસ્તોલ, હથિયારો અને દારૂગોળાનો જંગી જથ્થો જપ્ત કરાયો છે.આ ઉપરાંત ૨૧ જીવતા કારતૂસ અને ૨.૬ લાખ રૂપિયાની રોકડ રકમ પણ કબજે કરાઈ છે. દાણચોરોની પાસેથી એક તાતા એસએચટી, મહિન્દ્રા બોલેરો, પિક અપ અને એક આઈફોન પણ મળી આવ્યા છે. બીજી બાજુ નાગાલેન્ડમાં આસામ રાઈફલ્સ અને કોહિમા પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મણિપુર જઈ રહેલાં હથિયારોનો જંગી જથ્થો જપ્ત કર્યો છે. જેમાં બે પિસ્તોલ, અન્ય વિસ્ફોટકોનો સમાવેશ થાય છે. હજુ સુધી ૧૧,૦૦૦ હથિયાર, ૧૩,૭૦૨ વિસ્ફોટક તેમજ ૨૫૦ પ્રકારના બોંબ પણ કબજે કરાયા છે. પકડવામાં આવેલા લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

સેનાએ મણિપુરમાં શાંતિ અને સામાન્ય સ્થિતિ સ્થાપિત કરવા માટે સમર્થન આપવા માટે લોકોને અપીલ કરી છે. સેનાએ કહ્યું છે કે મહિલા કર્મચારીઓ જાણીજોઈને પૂર્વોત્તર રાજ્યમાં હાઈવે પર જામ કરીને સુરક્ષાદળોના અભિયાનમાં અડચણો ઊભી કરી રહી છે.

જો કે તેનું નામ જાહેર કરવામાં આવ્યું ન હતું. તસ્કરો પાસેથી ચાર ૯ એમએમ કાર્બાઈન, કેટલાક મેગેઝીન, એર પિસ્તોલ, દારૂગોળો ઉપરાંત ૨૧ જીવતાં કારતૂસ અને રૂ. ૨.૬ લાખ રોકડા પણ મળી આવ્યાં હતાં. બીજી તરફ નાગાલેન્ડમાં આસામ રાઈફલ્સ અને કોહિમા પોલીસે સંયુક્ત ઓપરેશનમાં મણિપુર જઈ રહેલાં હથિયારોના મોટા કન્સાઈનમેન્ટને જપ્ત કર્યા છે. જેમાં બે પિસ્તોલ, ચાર મેગેઝીન, દારૂગોળો અને અન્ય વિસ્ફોટક વસ્તુઓ મળી આવી હતી.

મણિપુર હિંસાના પ્રારંભિક તબક્કામાં પોલીસ સ્ટેશનો અને સુરક્ષા દળોમાંથી લૂંટાયેલા એક ક્વાર્ટર હથિયારો મળી આવ્યાં છે. અત્યાર સુધીમાં ૧૧,૦૦ હથિયારો, ૧૩,૭૦૨ રાઉન્ડ દારૂગોળો અને વિવિધ પ્રકારના ૨૫૦ બોમ્બ મળી આવ્યા છે.

## ગુજરાતમાં ડ્રગની હેરાફેરી અને ડ્રગના બંધાણીઓની સંખ્યામાં વધારો, છેલ્લા ચાર વર્ષમાં ૬૪,૫૬૧ કિલો ડ્રગ જપ્ત કરવામાં આવ્યું

ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષથી અવારનવાર ડ્રગનો મોટો જથ્થો ઝડપાય છે. બીજી બાજુ નેશનલ સર્વે ૨૦૧૮ મુજબ ગુજરાતમાં ૧૭.૩૫ લાખ પુરુષ અને ૧.૮૫ લાખ મહિલા ડ્રગ એડિક્ટ છે. કેન્દ્ર સરકારના રિપોર્ટ મુજબ આ સમયગાળામાં ૯૮૬ લીટર નશાકારક પ્રવાહી અને ૬૪,૫૬૧ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે.આ ઉપરાંત ૭૨,૯૭૮ ડ્રગ પિલ્સ અને ઈન્જેક્શન જપ્ત કરવામાં આવ્યા હતા, જે દર્શાવે છે કે રાજ્યમાં ડ્રગ્સની હેરાફેરી વધી રહી છે.



ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા હિરેન બાંકરે જણાવ્યું હતું કે, ટેકનોલોજી તેમજ સરકારી એજન્સીઓ જેવી કે રાજ્ય પોલીસ, એનસીબી, ડીઆરઆઈ, બોર્ડર પોસ્ટ્સ, પેટ્રોલિંગ, રાઉન્ડ ધ ક્લોક સર્વેલન્સ અને સીસીટીવી કેમેરા હોવા છતાં, કરોડો રૂપિયાની કિંમતની હજારો કિલો ડ્રગ્સની હવાઈમાર્ગે તેમજ દરિયાઈ માર્ગો, અને બંદરોથી દાણચોરી કરવામાં આવે છે.

આ વર્ષે ૨૧ જૂને અમદાવાદ એરપોર્ટ પર બ્રાઝિલના એક વ્યક્તિ પાસેથી ૩.૨૨ કિલો ડિઝાઈનર ડ્રગ 'બ્લેક કોકેઈન'જપ્ત કરવામાં આવ્યું હતું. જેની કિંમત ૩૨ કરોડ રૂપિયા હોવાનું માનવામાં આવે છે. ફેબ્રુઆરી ૨૦૨૩માં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ એ આફ્રિકાથી મુસાફરી કરી રહેલા બે મુસાફરોના પેટમાં છુપાવાયેલા કોકેઈનની ૧૬૫ કેપ્સ્યુલ્સ મળી આવી હતી. જેમાં આંતરરાષ્ટ્રીય ભાવ મુજબ ૧૨ કરોડ રૂપિયાનો બ્રાઉન કોકેઈન પાવડર હતો. રોગચાળાના વર્ષ દરમિયાન, નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના 'ક્રાઈમ ઈન ઈન્ડિયા ૨૦૨૦ રિપોર્ટ' અનુસાર નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ ૩૦૮ કેસ દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૧૧૦થી વધુ નશો કરનારા લોકોના હતા.

આ સંખ્યા સતત વધી રહી છે. વર્ષ ૨૦૧૯માં એનડીપીએસ એક્ટ હેઠળ ૨૮૯ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. આમાંથી ૧૧૨ અંગત વપરાશના હતા. જ્યારે ૨૦૧૮માં ૧૫૦ કેસ કરાયા હતા, જેમાંથી ૬૦ વ્યક્તિગત ઉપયોગ માટે હતા. લોકસભાના ૧૪ માર્ચ, ૨૦૨૩ ના આંકડા અનુસાર, ડ્રગ્સના વ્યક્તિગત કબજા બદલ એનડીપીએસના ૨૦૦ કેસ નોંધાયા હતા.૧૪ માર્ચ ૨૦૨૩ના રોજ સરકારે લોકસભામાં એનડીપીએસ એક્ટના આંકડા જાહેર કર્યા હતા. તેમાં જણાવાયું છે કે ૨૦૧૯ માં એનડીપીએસ એક્ટ હેઠળ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ત્રણ બાળકો, ૨૦૨૦માં એક બાળક અને ૨૦૨૧માં બે બાળકોને પકડવામાં આવ્યા હતા.

એનડીપીએસ એક્ટ હેઠળ ૨૦૧૯માં ૩૭ મહિલાઓને પકડવામાં આવી હતી. વર્ષ ૨૦૨૦માં ૧૯ મહિલાઓને પકડવામાં આવી હતી અને ૨૦૨૧માં ૨૮ મહિલાઓ પકડાઈ હતી. આમ, ત્રણ વર્ષમાં ૧૮ વર્ષથી ઓછી વયના છ બાળકો અને ૧૮ વર્ષથી વધુ ઉંમરની ૮૪ મહિલાઓની ડ્રગના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૮૪ સૈન્ય અધિકારીઓને વિશિષ્ઠ સેવા મેડલથી સન્માનિત કર્યા

નવીદિલ્હી,

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સશસ્ત્ર દળો અને ભારતીય કોસ્ટ ગાર્ડના ૮૪ વરિષ્ઠ સૈન્ય અધિકારીઓને વિશિષ્ઠ સેવા પુરસ્કાર એનાયત કર્યા. આ સમયગાળા દરમિયાન, ૫૨ ને અતિ વિશિષ્ટ સેવા મેડલ (એવીએસએમ), એક બાર એવીએસએમ,ત્રણ ઉત્તમ યુદ્ધ સેવા મેડલ(યુઆઈએસએમ) અને ૨૮ પરમ વિશિષ્ટ સેવા મેડલ (પીવીએસએમ) અસાધારણ ક્રમની વિશિષ્ટ સેવા માટે એનાયત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત બીજા ડિફેન્સ ઈન્વેસ્ટિચર સમારોહમાં આ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.



કાશ્મીર ખીણમાં એલઓસીની સુરક્ષા માટે જવાબદાર ચિનાર કોર્પ્સના ભૂતપૂર્વ કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એડીએસ ઔજલાને યુવાયએસએમ એનાયત કરવામાં આવ્યો હતો. તેમના સિવાય કુમાઉ રેજિમેન્ટના ૩ કોર્પ્સના લેફ્ટનન્ટ જનરલ રામ ચંદ્ર તિવારી અને પંજાબ રેજિમેન્ટ હેડક્વાર્ટરના ૧૪ કોર્પ્સના લેફ્ટનન્ટ જનરલ અનાદય સેનગુપ્તાને પણ યુવાયએસએમ એનાયત કરવામાં આવ્યા હતા.

નિવૃત્ત મેજર જનરલ કે.કે. નારાયણનને બાર ટુ અતિ વિશેષ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. અતિ વિશેષ સેવા મેડલ પ્રાપ્ત કરનારાઓમાં આર્મીમાંથી નિવૃત્ત મેજર જનરલ આલોક કક્કર, કોર્પ્સ ઓફ એન્જિનિયર્સના વિદ્યાર્થી મેજર જનરલ સંજય કુમાર, નેવીના વાઈસ એડમિરલ દીપક કપૂર, વાઈસ એડમિરલ અધીર અરોરા અને એર માર્શલ આશુતોષ દીક્ષિતનો સમાવેશ થાય છે. ભારતીય વાયુસેના. રાષ્ટ્રપતિ ભવને સમારોહની તસવીરો ટ્વિટ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય ટોચના મહાનુભાવોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

## ભારતીય સેનામાં પાકિસ્તાની નાગરિકોની નોકરીનો મામલો, કોર્ટે CBIને તપાસનો આદેશ આપ્યો

કોલકતા,

કલકત્તા હાઈકોર્ટે ભારતીય સેનામાં પાકિસ્તાની નાગરિકોને નોકરી આપવાના મુદ્દે સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો છે. આ મામલાની સુનાવણી કરતી વખતે કલકત્તા હાઈકોર્ટના જસ્ટિસ રાજશેખર મંથાએ સીબીઆઈને પ્રાથમિક તપાસ કરવાનો આદેશ આપ્યો હતો જ્યારે સીઆઈડી પહેલાથી જ આ મામલાની તપાસ કરી રહી છે.કોર્ટે સીબીઆઈને પ્રાથમિક તપાસ કરવાનો આદેશ આપ્યો છે. કોલકાતા હાઈકોર્ટે આદેશ આપ્યો કે દેશની સુરક્ષા માટે દેશની તમામ સંસ્થાઓએ સાથે મળીને કામ કરવું જોઈએ.

કલકત્તા હાઈકોર્ટે આ આરોપને ખૂબ જ ગંભીર ગણાવ્યો છે અને તપાસના આદેશ આપ્યા છે. આરોપ છે કે પ્રદ્યુમન કુમાર અને જયકાંત કુમાર પાકિસ્તાની નાગરિક છે અને બેરકપુરના આર્મી કેમ્પમાં સેનામાં ફરજ બજાવે છે.

આરોપ છે કે તેમની નિમણૂક પણ સરકારી પરીક્ષા દ્વારા કરવામાં આવી છે. તેણે તે પરીક્ષામાં જરૂરી દસ્તાવેજો બનાવટી કરીને નોકરી મેળવી હતી. ફરિયાદ મળતાં જ હાઈકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જસ્ટિસ મંથાએ અગાઉ આ ઘટનામાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈની સંડોવણી હોવાની આશંકા વ્યક્ત કરી હતી.

## રાહુલ ગાંધી મણિપુરના હિંસા પ્રભાવિત વિસ્તારની મુલાકાત કરશે

નવીદિલ્હી,

મણિપુરમાં જોવા મળતી હિંસા વચ્ચે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી નોર્થ-ઈસ્ટ રાજ્યની મુલાકાત કરશે. ૨૯ જૂન રાહુલ ગાંધી મણિપુરની મુલાકાત લેશે જ્યાં તેઓ હિંસા પીડિત લોકો સાથે મુલાકાત કરશે અને તેમની સમસ્યાઓને સાંભળશે. રાહુલ ગાંધી રાહત શિબિરમાં લોકો સાથે મુલાકાત કરવાની સાથે જ સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરશે.

પાર્ટીના સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલે મંગળવારે આ અંગે જાણકારી આપી હતી. તેમણે ટ્વીટ કરી કહ્યું- રાહુલ ગાંધીજી ૨૯ અને ૩૦ જૂને મણિપુરની મુલાકાતે જશે. તેઓ ઈમ્ફાલ અને ચુરાચાંદપુરમાં રાહત શિબિરમાં જશે અને સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરશે. વેણુગોપાલના જણાવ્યા મુજબ, મણિપુરમાં છેલ્લા ૨ મહિનાથી હિંસા જોવા મળી રહી છે અને હાલ ત્યાં મલમ લગાડવાની જરૂર છે, કે જેથી શાંતિ તરફ આગળ વધી શકાય. મણિપુરમાં મેઈતી અને કુકી સમુદાયના વચ્ચે મેની શરુઆતમાં જ જાતીય હિંસા ભડકી હતી જેમાં ૧૦૦થી વધુ લોકોના મોત નિપજ્યા હતા.

મણિપુરમાં અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાની મેઈતી સમુદાયની માગના વિરોધમાં ૩ મેનાં રોજ પર્વતીય જિલ્લામાં આદિવાસી એકજૂથતા માર્ચના આયોજન બાદ હિંસા શરુ થઈ હતી.

## સ્વચ્છ ભારત મિશન અર્બન હેઠળ રાજ્યના ત્રણ શહેરમાં બાયોગેસ પ્લાન્ટને મંજૂરી

ગાંધીનગર,

દેશભરમાં ચાલી રહેલા સ્વચ્છ ભારત મિશન અર્બન હેઠળ રાજ્યમાં ત્રણ બાયોગેસ પ્લાન્ટને મંજૂર કરવામાં આવ્યા છે. ગુજરાતમાં જુનાગઢ અને વડોદરા કોર્પોરેશનમાં તેમજ મહેસાણા નગરપાલિકામાં બાયો પ્લાન્ટને મંજૂર કરવામાં આવ્યો છે. રાજ્યના આ ત્રણેય શહેરમાં નીકળતા ભીના કચરામમાંથી આ બાયોગેસ ઉત્પન્ન કરવામાં આવશે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી બાયોગેસ પ્લાન્ટ અંગે ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા પાલિકાએ કન્સલટન્ટ એજન્સી નીમવામાં આવી છે.

બાયોગેસ પ્લાન્ટ માટે દેશમાં ૭૫ પાલિકાઓમાં બાયોગેસ પ્લાન્ટ મંજૂર કરાયા છે. જેમના ઈજનરો માટે બે દિવસ સ્વચ્છતા મોડેલ ઈન્દોરમાં તાલીમનું આયોજન કરવામાં આવ્યુ છે. આ તમામ ઈજનેરોને તાલીમ હેઠળ કોર્પોરેશન હસ્તકના બાયોગેસ પ્લાન્ટની ફિલ્ડ મુલાકાત કરાવામાં આવશે. સ્વચ્છ ભારત મિશન હેઠળ મહેસાણામાં ૩.૬ કરોડના ખર્ચે ૨૦ ટન ક્ષમતાનો બાયોગેસ પ્લાન્ટ મંજૂર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વડોદરા અને જુનાગઢમાં પણ ૨૦ ટન કરતા વધુ ક્ષમતા ધરાવતા બાયોગેસ પ્લાન્ટ મંજૂર કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર મહેસાણા પાલિકા તેમજ જુનાગઢ અને વડોદરા કોર્પોરેશને બાયોગેસ પ્લાન્ટ માટે એક્શન પ્લાન તૈયાર કરી ૨૦૨૪માં પ્લાન્ટ બનાવવા તેવી શક્યા છે. મહાનગરોમાંથી નિકળતા કચરામાંથી ૩૦થી ૪૦ટકા ભીનો કચરો હોય છે. આ ભીના કચરાને પ્લાન્ટમાં પ્રોસેસ કરી બાયોગેસ બનાવવામાં આવે છે. તેમાંથી નીકળતો વેસ્ટને ખાતર તરીકે પણ ઉપયોગ કરવામાં આવી શકે છે. જાણકારી માટે આપને જણાવી દઈએ કે ગોબર ધન યોજના દેશના ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારોને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવેલી એક યોજના છે. તેનો સીધો લાભ દેશના ખેડૂતો અને પશુપાલકોને મળે છે. આ યોજનાનો સૌથી મોટો ફાયદો એ છે કે તેનાથી પ્રદૂષણમાં ઘટાડો થાય છે. આ સાથે જ ખેડૂતોની આવકમાં પણ વધારો થઈ શકે છે. આ યોજના હેઠળ સરકાર ખેડૂતો પાસેથી ગાયનું છાણ ખરીદશે. આ રીતે ખેડૂતો પાસેથી ગાયનું છાણ ખરીદીને બાયોગેસમાં ફેરવવામાં આવશે.હવે ગુજરાતના ત્રણ શહેરોમાં ભીના કચરામાંથી બાયોગેસ ઉત્પન્ન કરવામાં આવશે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

આર. એલ. નાયકા

તરફથી અભીનંદન....

મુ. ખરેડીયા,
તા. શહેરા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

આર. એસ. બારીઆ

તરફથી અભીનંદન....

મુ. વાઘજીપુર,
તા. શહેરા,
જી. પંચમહાલ

## ભારત સાથે ખૂબ જ મજબૂત સંરક્ષણ ભાગીદારી વિકસાવવા માંગે છે : ફિલિપાઈન્સના વિદેશ મંત્રી

નવીદિલ્હી,

ફિલિપાઈન્સના વિદેશ મંત્રી એનરિક એ મનાલો હાલમાં ચાર દિવસની ભારતની મુલાકાતે છે. તેમણે કહ્યું હતું કે ફિલિપાઈન્સ ભારત સાથે ખૂબ જ મજબૂત સંરક્ષણ ભાગીદારી વિકસાવવા માંગે છે અને તે તેની પાસેથી લશ્કરી હાર્ડવેર ખરીદવા માટે ઉત્સુક છે. દક્ષિણ ચીન સાગરમાં ચીનની વધતી સૈન્ય શક્તિને લઈને ફિલિપાઈન્સના વિદેશ મંત્રી દ્વારા ભારતને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.




તેમણે કહ્યું કે ફિલિપાઈન્સે દક્ષિણ ચીન સાગરમાં ચીનની હાજરીને વારંવાર પડકારી છે અને તેમ કરવાનું ચાલુ રાખશે. તેમણે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડ અફેર્સમાં સંબોધનમાં કહ્યું કે તેની અસર અત્યારે દેખાઈ નહીં શકે પરંતુ ભવિષ્યમાં ચોક્કસપણે જોવા મળશે. મનાલોએ કહ્યું કે ફિલિપાઈન્સના ઈઈઝેડમાં ચીનની હાજરી એ તેમના દેશના ચીન સાથેના સંબંધોમાં મોટો પડકાર છે.

વિદેશ પ્રધાન એનરિક એ મનાલોએ ફિલિપાઈન્સને ભારતના મુખ્ય ભાગીદાર તરીકે વર્ણવ્યું હતું અને કહ્યું હતું કે મનીલા દરિયાઈ સુરક્ષા, સાયબર-આતંકવાદ, શિક્ષણ, આરોગ્ય સંભાળ અને આબોહવા તકનીકોના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વિસ્તૃત કરવા માંગે છે. ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા સંબંધો વધી રહ્યા છે. ગયા વર્ષે જાન્યુઆરીમાં, ફિલિપાઈન્સે બ્રહ્મોસ ક્રૂઝ મિસાઈલની ત્રણ બેટરી ખરીદવા માટે ભારત સાથે યુએસડી ૩૭૫ મિલિયનનો સોદો કર્યો હતો.

મનાલો ગુરુવારે એસ જયશંકર સાથે વ્યાપક વાટાઘાટો કરશે, જેમાં દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર વિસ્તારને આવરી લેવામાં આવશે. બેઠકમાં, બંને પક્ષો રાજકીય, સંરક્ષણ, સુરક્ષા, શિપિંગ સહયોગ, વેપાર અને રોકાણ, આરોગ્ય અને પર્યટન સહિત દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર સ્તરની સમીક્ષા કરશે. એક નિવેદન અનુસાર, બંને પક્ષો પરસ્પર હિતના ક્ષેત્રીય અને બહુપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરશે.ફિલિપાઈન્સના વિદેશ મંત્રી મનાલો ૪૨મું સપ્રુ હાઉસ લેક્ચર આપશે. તે ફિલિપાઈન્સની ફોરેન સર્વિસ ઈન્સ્ટિટ્યૂટ અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડ અફેર્સ વચ્ચેના એમઓયુ હેઠળનો સંયુક્ત પ્રોજેક્ટ છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર-ગોધરા રોડનો પુલ જોખમી બન્યો : અકસ્માતનો ભય



સંતરામપુર, સંતરામપુર-ગોધરા રોડ પરનો પુલ જોખમીકારક બન્યો. વરસાદનું પાણી ભરાઈ રહેતા મોટા પાયે નુકશાન થવાની વકી સંતરામપુર-ગોધર રોડ પર આવેલો ઉંમેર ટેકરા ગામની બાજુમાં વર્ષો જુનો પુલ જ્યારે વાહનો પસાર થતા હોય છે. ધ્રુજારી થતી હોય છે નીચેની ભાગ માંથી જૂની કાકરી નીકળતી જોવા મળી આવેલી છે. સંતરામપુર-ગોધરા પરનો આ મુખ્ય રોડ પર મોટાભાગના વાહનો અહીંયાથી પસાર થતા હોય છે, પરંતુ આવા જૂના પુલ થી દુર્ઘટના પણ બની શકે છે. ચોમાસા દરમિયાનમાં સૌથી વધારે આ પુલ ઉપર જ પાણીનો સંગ્રહ થતો હોય છે અને જેના કારણે નિકાલ ના થવાથી પુલની અંદર ચુસાઈ ચૂસાઈને જોવાઈ રહેલો છે. બે થી ત્રણ વખત આ જ ફૂલ ઉપર અકસ્માતો પણ થયા છે. તંત્ર દ્વારા આજ દિન સુધી મેન્ટેનન્સ પણ કરવામાં આવેલ નથી. મોન્સુન કામગીરીની થયેલા અનેક સવાલો ચોમાસું આવતા પહેલા તંત્ર દ્વારા ખાડા પૂરવાની કામગીરી વરસાદી પાણીનો નિકાલ એવી ઘણી બધી કામગીરી કરવામાં આવતી હોય છે, પણ સંતરામપુરના ગોધર ઉપર આવેલા પુલ ઉપર પ્રથમ વરસાદમાં જ પાણી ભરાઈ જવા મળી આવેલું છે. અતિશય ભારે વાહનોથી જો પસાર થઈ જાય તો આવા જૂના પુલ ગમે ત્યારે પણ તૂટી પડે તેવી શક્યતા જોવાયેલી છે.

# મહિસાગર જીલ્લામાં હોટલ, ગેસ્ટ હાઉસ નિયંત્રણ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

મહિસાગર, આગામી સમયમાં બકરી ઈદ, મહોરમ, ૧૫મી ઓગષ્ટ (સ્વાતંત્ર્યદિન),પતેતી જેવા ધાર્મિક તહેવારો આવતા હોય જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે મહીસાગર અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સી.વી.લટા દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું.

મહીસાગર જીલ્લાના વિસ્તારના હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના માલિકો ધ્વારા દેશ/વિદેશના નાગરીકોને રૂમો ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ (ચોવીસ) કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળાના રૂમો ભાડે આપી શકશે નહી અને નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.

જીલ્લામાં હોટલ, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં વિદેશી નાગરીક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડિટેઈલ કોપી સહિતની લેવી, વિદેશી નાગરીકના પાસપોર્ટ, વિઝા અને ભારતના સરનામાં અને વિદેશી નાગરીક તરીકે નોંધણી કારાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી, વિદેશી નાગરીકને લગતાં સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને ૧૯૩૯ નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪ (ચોવીસ) કલાકમાં રીપોર્ટ સહિત રજુ કરવાના રહેશે. અજાણ્યા વિદેશી નાગરીકોને હોટલો, ગેસ્ટ હાઉસ કે ધર્મશાળામાં પ્રવેશ આપવો નહી, દેશ/વિદેશના વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામાં, ટેલીફોન સહિતના નક્કર પુરાવા મેળવવા, મહીસાગર જીલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કે શહેરી વિસ્તારમાં કઈ જગ્યાએ રોકાઈ કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી, કોઈપણ મુસાફરની શંકાસ્પદ ઢીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ૨ (બે) માસ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાંનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# દાહોદ કતવારાની પરણિતા દહેજ માટે પતિ અને સાસરીયા દ્વારા ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ, લગ્ન બાદ એક માસ સારૂ રાખ્યા બાદ દહેજ લોભી પતિ તેમજ સાસરીયા દ્વારા પિતાના ઘરેથી રોકડા રૂપિયા અને સોનાના ઘરેણા લાવવા દબાણ કરી છેલ્લા સાતેક માસથી અવાર નવાર શારીરીક અને માનસીક ત્રાસ ગુજારી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મૂકતા પતિ તથા સાસરીયાના ત્રાસથી વાજ આવેલ દાહોદ તાલુકાના કતવારા ગામની ૨૧ વર્ષીય મુસ્લીમ પરણીતાએ ન્યાય માટે દાહોદ મહિલા પોલીસ સ્ટેશનના દરવાજા ખટખટાવ્યાનું જાણવા મળ્યું છે.

ઝાલોદ કસ્બામાં રહેતી ૨૧ વર્ષીય રાહીનબીબી અનસાદભાઈ કાનુગાના નિકાહ તા. ૧૪-૧૧-૨૦૨૨ના રોજ તેમના મુસ્લીમ સમાજના રીતરિવાજ મુજબ કતવારા બેન્ક ઓફ બરોડાની પાછળ રહેતા કલીમુદ્દીન તાજુદ્દીન શેખ સાથે થયા હતા. રાહીનબીબીને લગ્ન બાદ સાસરીમાં એક માસ સુધી સૌએ સારૂ રાખ્યું હતું અને ત્યારબાદ તેના પતિ કલીમુદ્દીન તાજુદ્દીન શેખ, સસરા તાજુદ્દીન જાઉદ્દીન શેખ, સાસુ મકસુદાબેન તાજુદ્દીન શેખ, જેઠ એજાજુદ્દીન તાજુદ્દીન શેખ, જેઠાણી સોનમબેન એજાજુદ્દીન શેખ તથા નણંદ તસ્લીમબેન તાજુદ્દીન શેખ એમ સૌનું પોત પ્રકાશ્યું હતું અને પતિ કલીમુદ્દીનને રાહીનબીબીને તારા મા-બાપના ઘરેથી તું દહેજમાં કાંઈ લાવી નથી જેથી તું તારા પિતાના ઘરેથી રોકડા રૂપિયા અને સોનાના ઘરેણાં લઈ આવ. તેમ કહી તેમજ રાહીનબીબીને બે વાર ઓપરેશન થયેલ હોવાથી પતિએ રાખવાની ના પાડી તેની સાથે કોઈ સંબંધ રાખવાની ના પાડી તેના પિતા-માતા, ભાઈ-ભાભી તથા બહેનની ચઢામણીથી રાહીનબીબીને તારા પિતાના ઘરેતી રૂપિયા બે લાખ લાવી આપ તો જ હું તને ઘરમાં રાખીશ તેવી ધમકીઓ આપી ઘરમાંથી કાઢી મૂક્યા બાદ તેણીને ફરીવાવ ઘરે લાવવાની ના પાડી શારીરીક અને માનસીક ત્રાસ ગુજારાતા સતત સાત માસથી ગુજારાતા ત્રાસથી વાજ આવી રાહીનબીબીએ પોતાના પતિ, સસરા, સાસુ, જેઠ, જેઠાણી, નણંદ વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ઈપિકો કલમ ૪૯૮(ક), ૫૦૪, ૫૦૬, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ ૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# નાની ક્યાર પ્રા.શાળા ખાતે પુસ્તક વિતરણનો કાર્યક્રમ-૨૦૨૩



સંતરામપુર, નાની ક્યાર ગામે ઘટલાઈ વર્ગ નાની ક્યાર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને વિના મુલ્યે પુસ્તક(ચોપડા), નોટ, પેન, પેન્સિલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ભુતપૂર્વ વિદ્યાર્થી મિતુલ તાવિયાડ અને નાની ક્યાર ગામના પ્રથમ શિક્ષક તેમજ ઘટલાઈ વર્ગ પ્રા.શાળાની સ્થાપના કરનાર સોમાભાઈ તાવિયાડ ના હસ્તે શાળાના બધા જ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તેવા આશયથી પુસ્તક-નોટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય, તમામ સ્ટાફગણ, ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

# સંતરામપુર પોલીસ મથકના પોકસોની ફરિયાદમાં મોરવા(હ)ના મેત્રાલના આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારતી કોર્ટ

સંતરામપુર, સંતરામપુર પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ સગીરાનું અપહરણ કરી યૌનશોષણ કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ લુણાવાડા એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૨૦ વર્ષની સજા અને દંડનો હુકમ કરાયો.

પ્રાપ્ત વિગતો મુજબ સંતરામપુર પોલીસ મથકે મોરવા(હ)ના મેત્રાલના આરોપી રાકેશ બળવંતભાઈ ભેદી વિરૂદ્ધ ૨૦૨૧માં સગીરાને પટાવી ફોસલાવી ભગાડી જઈ યૌનશોષણ કરતાં પોકસો એક્ટ અને અપહરણની ફરિયાદ નોંધાઈ હતી. તે કેસ લુણાવાડા એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ જયવીરસિંહ જે. સોલંકીની દલીલો ગ્રાહ્ય રાખીને કોર્ટ દ્વારા આરોપી રાકેશ બળવંતભાઈ ભેદીને ૨૦ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યો. તેમજ ભોગ બનનારને કાનૂની સેવા સત્તા મંડળને ત્રણ લાખ વળતર ચુકવવાનો આદેશ કર્યો.



દાહોદ જીલ્લાના ૧૩૪ દેવગઢ બારીયા વિધાનસભાના ધાનપુર તાલુકામાં ઘર ઘર સંપર્ક અભિયાન અંતર્ગત અલ્પકાલીન વિસ્તારક તરીકે ધાનપુર ગામના બુથ નંબર-૨ માં ઘરે-ઘરે કેન્દ્ર સરકારના સફળ ૯ વર્ષનું સ્ટીકર કાર્યકર્તાઓ દ્વારા લગાડી સફળતાના નવ વર્ષની યશગાથાની વિસ્તૃત ચર્ચા રાજ્યમંત્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં કરવામાં આવી.

# કુવાબેંણા ખાતે જન આરોગ્ય સમિતિની બેઠક યોજાઈ




દાહોદ, જન આરોગ્ય સમિતિ કુવાબેંણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તાલુકા આરોગ્ય અધિકારી કલ્પેશ બારીયા અને ડૉ. રાહુલ રાઠવા તથા ડૉ. નિધી સોલંકીની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં માતા અને બાળ મૃત્યુદર ઘટાડવા, રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમની જાણકારી અને પિયર જ્યુકેટરની ભૂમિકા, સો ટકા પી.એમ.જે.વાય., ટીબી મુક્ત પંચાયતની વિસ્તૃત સમજણ અપાઈ હતી. ઉપરાંત કુપોષિત બાળકોને કિટ્સ અર્પણ કરાયા હતા રાષ્ટ્રીય સિકલસેલ એનેમિયા અભિયાનના ભાગરૂપે કિશોરોને આરોગ્ય એજ્યુકેશન એચ.બી. ટેસ્ટીંગ તેમજ સ્કીનીંગ કરવામાં આવ્યું હતું. અને આર.કે. એસ.કે. પોગ્રામના પિયર એજ્યુકેટરને મોબાઈલ એપ ડાઉનલોડ કરાવી પિયર મોડ્યુલ આપવમાં આવ્યા હતા.

# દાહોદ રઘુનંદન સોસાયટીમાં નવા મકાનમાં ચણતર કરતાં ૫૫ વર્ષીય શ્રમિક બીજે માળેથી પડતાં સારવાર દરમિયાન મોત

દાહોદ, દાહોદના જુના ઈન્દૌર રોડ, રઘુનંદન સોસાયટીમાં નવા બનેલા બે માળના મકાનના ચણતર કામ કરી રહેલ ૫૫ વર્ષીય શ્રમીક આકસ્મીક રીતે બીજા માળેથી નીચે પટકાતાં તેનું દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

દાહોદ શહેરના જુના ઈન્દોર રોડ પર આવેલ રઘુનંદન સોસાયટીમાં પરમ દિવસ તા. ૨૬-૬-૨૦૨૩ના રોજ બપોરના સાડા બાર વાગ્યાના સુપમારે દાહોદ તાલુકાના દેલસર ગામના ડુંગરા ફળિયામાં રહેતા ૫૫ વર્ષીય દલસીંગભાઈ માનસીંગભાઈ મહિડા બે માળના મકાનનું ચણતર કામ કરતી વખતે અકસ્માતે બીજા માળેથી નીચે પડી જતાં તેને માથાના ભાગે, તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું.

આ સંબંધે મરણજનાર દલસીંગભાઈ મહિડાના પુત્ર સનાભાઈ દલસીંગભાઈ મહિડાએ દાહોદ એ ડીવીઝન પોલીસ સ્ટેશને જાણ કરતાં એ ડિવિઝન પોલીસે આ મામલે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શિક્ષણવિદો દ્વારા એસ.વી.એસ. સંકુલ-૩ની ચિંતન શિબિર S.R.SCHOOLમાં યોજાઈ



દાહોદ, તારીખ ૨૮-૬-૨૩ના બુધવારના રોજ એસ.આર.સ્કુલ દેવ. બારીઆ ખાતે ડી.ઈ.ઓ. સુરેશભાઈ મેડાના અધ્યક્ષસ્થાને ડો.ભોક્ન, જે.બી.પટેલ, લાલસિંહ ડાંગ્રી, સંજય પરમાર, સુરેશભાઈ રાઠોડ, સુરેશભાઈ વાઢેર, એસ.વી.એસ. કન્વીનર પટેલની હાજરીમાં દેવ. બારિઆના આચાર્યનો એક ચિંતન શિબિર સભા યોજાઈ ગઈ. જેમાં સૌ પ્રથમ યજમાન શાળા દ્વારા પ્રાર્થના અને પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. આ ચિંતન શિબિરમાં સૌ પ્રથમ જી.બી.પટેલ દ્વારા ગુણોત્સવનું સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું. ૩૦ ટકાથી ઓછું પરિણામ લાવનાર શાળાઓને encourage કરવામાં આવી હતી. ભોક્ન એ વહીવટી તેમજ શૈક્ષણિક માર્ગદર્શન પ્રશ્નોત્તરી દ્વારા સમજ આપી હતી. અંતમા અંતમાં ડીઈઓ મેડાં પોતાના વક્તવ્યમાં આપણે ઈશ્વરનો ડર રાખી શાળા મહેનત કરીએ અને આપણી શાળાનું પરિણામ ૧૦૦% એવા પ્રયાસો કરીએ.

# દાહોદ જીલ્લા ખેડૂત ખાતેદારોના ખેતીની જમીન ચકાસણી માટે મદદનીશ ખેતી નિયામકની કચેરી દાહોદનો સંપર્ક કરવો

દાહોદ, દાહોદ જીલ્લાના ખેડૂત ખાતેદારો જમીન ચકાસણી માટે દાહોદ ખાતે જમીન ચકાસણી પ્રયોગશાળા કાર્યરત કરવામાં આવી છે. જેમાં માટીના નમુંનાનું પુથ્થકરણ કરવાની કામગીરી કરવામાં આવે છે. જે કોઈ ખેડૂતો ખાતેદારે પોતાના ખેતરની માટીના નુમુંનાનું પુથ્થકરણ કરાવવા માંગતા હોય તેવા ખેડૂતોએ પોતાના ખેતરમાંથી માટીનો નમુંનો એકત્રી કરી મદદનીશ ખેતી નિયામકની કચેરી, જમીન ચકાસણી પ્રયોગશાળા ગોવિંદનગર રોડ, ચાકલીયા ચોકડી, દાહોદની કચેરીને પહોંચતો કરવાના રહેશે. માટીના નમુંનાની સરકારના પ્રવર્તમાન ધારા ધોરણ મુજબની ફી રૂ.૧૫/- પ્રતિ નમુના લેખે અહી કચેરીએ ભરવાની રહેશે ત્યાર બાદ નમુંનાનું પુથ્થકરણ કરી આપવામાં આવશે જમીન નમુંના લાવાની પદ્ધતિ અને બાબતે સંપુર્ણ વિગત માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક તેમજ તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી (ખેતી) નો સંપર્ક કરવા મદદનીશ ખેતી નિયામક જમીન ચકાસણી પ્રયોગશાળા દાહોદની એક યાદીમાં જણાવ્યું છે.

## આપની આજ.......

મેષ : આજે તમે ભાગ્યશાળી થશો. સહજતાથી બધાં કામ સમયસર થતાં જોવા મળશે. સારા દિવસોનો સંયોગ મનને આનંદિત કરશે. ખર્ચા પર નિયંત્રણ રાખવું મહત્વપૂર્ણ છે.

વૃષભ : આજે તમને અજાણ્યા લોકોનો સહયોગ મળી શકે છે. સખત મહેનત જરૂરી છે, તેનાથી સફળતા પ્રાપ્ત કરી શકાય છે. તમારા માટે સક્રિય થયેલા વિરોધીઓ પણ પરાજિત થશે.

મિથુન : લાભકારક સમય છે, તમે કુશળતા અને વર્તનથી બધું મેળવી શકો છો. મુશ્કેલીઓ સમાપ્ત થશે અને વિરોધી લોકો પણ પરાજિત થશે. બહારના ખોરાક અને પીણાથી દૂર રહેવાની સલાહ આપું છુ.

કર્ક : આજે તમે આર્થિક મામલે ચિંતા કરી શકો છો. પારિવારિક બાબતો અંગે પણ તમે મૂંઝવણમાં રહેશો. અતિશય ઉત્સાહ અને અજાણતાં પગલાં કામ બગાડી શકે છે. સારો સંદેશ પણ આવશે અને જૂના મિત્રોને મળશો.

સિંહ : તહેવારોમાં ભાગ લેવાની તક મળશે પણ સામાજિક અંતરને ધ્યાનમાં રાખજો. તંદુરસ્ત ખોરાક લો, નિરાશાને તમારા મગજમાં ફેલાવા ના દેશો. સારા સમાચાર આવતા રહેશે, તેથી જે કાર્ય થવાની અપેક્ષા છે તે કરો.

કન્યા : આજે તમારે પારિવારિક જીવનમાં સમન્વય વધારવો પડશે, મુશ્કેલીઓ આવી શકે છે. જોકે, આજે તમારું સન્માન પણ વધશે અને તમને અનપેક્ષિત લાભ પણ મળશે.

તુલા : કોઈના પર શંકાથી સમય અને પૈસાનું નુકસાન થશે. આયોજિત કાર્યક્રમો પણ સફળ થશે અને આર્થિક લાભ પણ મળશે. પૂર્વજો તરફથી લાભની આશા રહેશે. કોઈ જૂના મિત્રનું આગમન કૌટુંબિક વ્યસ્તતામાં વધારો કરશે.

વૃશ્ચિક : મહેનત પછી ઈચ્છિત લાભ થશે, કામ સ્થગિત કરવાનું ટાળો. તમારે પણ ઘણી મુસાફરી કરવી પડી શકે છે, પરંતુ જો શક્ય હોય તો તેને ટાળો. તમારે કેટલાક અધૂરા કાર્યો સાથે કામ કરવું પડશે.

ધનુ : બહાદુરી અને પ્રયત્નોની યોજના બનશે અને મિત્રોનો સહયોગ રહેશે. કોઈપણ કાયમી મિલકતના કૌટુંબિક વિવાદનું સમાધાન કરવું જરૂરી રહેશે. પારિવારિક વ્યવસ્થા કરવામાં વ્યસ્ત રહેશો.

મકર : દંપતિની ખુશીમાં વધારો થશે. જટિલ કાર્યો ઉકેલાશે અને નફાકારક સાહસ ચલાવાશે. માનસિક ગૂંચવણોને કારણે માથાનો દુઃખાવો થવાની સમસ્યા રહેશે અથવા સંતાન પક્ષની ચિંતા રહેશે.

કુંભ : કાર્યક્ષેત્રમાં તમારી ધાક રહેશે અને એક પછી એક કેસ ઉકેલાશે. પેટ અને આંખોના દુઃખાવાના કારણે આરોગ્ય પર અસર થશે જેના કારણે કાર્યક્ષેત્રમાં અસ્થિરતા રહેશે.

મીન : વાહન અને રહેવા સંબંધિત સમસ્યા થઈ શકે છે. શુભ સંદેશના આગમનથી ઉત્સાહ વધશે અને મિત્રોનો સહયોગ પણ મળશે. વ્યક્તિઓનો પણ સહયોગ મળશે.

# વિજય રૂપાણી અને નીતિન પટેલ રાજ્યસભામાં જઈ શકે છે જયશંકરને ગુજરાતમાંથી વધુ એક તક





ગાંધીનગર, રાજ્યસભાની ૧૦ બેઠકો માટે ૨૪ જુલાઈએ ચૂંટણી યોજાવા જઈ રહી છે. વિદેશ મંત્રી એસ. જયશંકર અને ટીએમસીના વરિષ્ઠ નેતા ડેરેક ઓ બ્રાયન સહિત ઘણા દિગ્ગજ નેતાઓનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. ચૂંટણી પંચનું કહેવું છે કે ચૂંટણીની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ ચૂંટણીમાં ગોવાની એક, ગુજરાતની ૩ અને પશ્ચિમ બંગાળની ૬ બેઠકોનો સમાવેશ થાય છે. આ ચૂંટણી માટે ૧૩ અને ૨૪ જુલાઈએ મતદાન થવાનું છે. આ ઉપરાંત પરિણામ પણ ૨૪મીએ જ જાહેર કરવામાં આવશે. જે સભ્યોની મુદત પૂરી થઈ રહી છે તેમાં વિનય ડી. તેંડુલકરનો સમાવેશ થાય છે, જેઓ ગોવા બેઠક પરથી સાંસદ હતા.

આ ઉપરાંત ગુજરાતમાંથી એસ. જયશંકર, જુગલસિંહ લોખંડવાલા અને દિનેશચંદ્ર અનવાડિયા, જેમનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. દરમિયાન એવા સમાચાર છે કે વિદેશ મંત્રી એસ.જયશંકરને ફરી એકવાર ગુજરાતમાંથી જ મોકલવામાં આવી શકે છે. આ ઉપરાંત ગુજરાતના સીએમ રહી ચૂકેલા વિજય રૂપાણીને પણ રાજ્યસભામાં મોકલવામાં આવશે. ગુજરાતમાં લાંબા સમયથી વરિષ્ઠ નેતા અને મંત્રી રહેલા નીતિન પટેલને રાજ્યસભામાં મોકલવાની વાતો ચાલી રહી છે. ચૂંટણી પંચનું કહેવું છે કે ૧૦ સભ્યોમાંથી કેટલાકનો કાર્યકાળ ૨૮ જુલાઈએ પૂરો થઈ રહ્યો છે, જ્યારે કેટલાક સાંસદો ૧૮ ઓગસ્ટે નિવૃત્ત થઈ રહ્યા છે. ભાજપ પશ્ચિમ બંગાળમાં રાજ્યસભાની એક બેઠક પણ જીતવાની સ્થિતિમાં છે, જે અત્યાર સુધી કોંગ્રેસના ખાતામાં હતી. જોવાનું એ રહેશે કે શું ભાજપ બંગાળમાંથી સ્થાનિક નેતાને તક આપે છે કે પછી રાષ્ટ્રીય સ્તરના નેતાને મોકલવામાં આવશે. બંગાળ બેઠક પરથી કોંગ્રેસના પ્રદીપ ભટ્ટાચાર્યનો કાર્યકાળ ૧૮ ઓગસ્ટના રોજ પૂરો થઈ રહ્યો છે. પરંતુ ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૭૭ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસનું ખાતું પણ ખોલી શકાયું ન હતું. જેના કારણે હવે માત્ર ભાજપ જ આ બેઠક જીતવાની સ્થિતિમાં છે.

હવે રાજ્યસભાના ગણિતની વાત કરીએ તો આ ચૂંટણીથી બહુ બદલાવ નહીં આવે. રાજ્યસભાની ચૂંટણી એપ્રિલ ૨૦૨૪માં કુલ ૫૬ બેઠકો પર યોજાવાની છે. માનવામાં આવે છે કે આ ચૂંટણી બાદ કેટલીક બાબતો બદલાતી જોવા મળશે. હાલમાં, રાજ્યસભામાં સંખ્યાબળ ૨૩૮ છે, જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં ૪ બેઠકો, બંગાળમાં એક અને બે નામાંકિત સભ્યો હાલમાં ખાલી છે. રાજ્યસભાના કુલ સભ્યોની સંખ્યા ૨૪૫ છે. ભાજપ હાલમાં ૯૩ સાંસદો સાથે રાજ્યસભામાં સૌથી મોટો પક્ષ છે અને કોંગ્રેસ ૩૧ સભ્યો સાથે બીજા ક્રમે છે. ટીએમસીના ૧૨, ડીએમકે અને આમ આદમી પાર્ટીના ૧૦-૧૦ સાંસદો છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# સુપોષિત-દાહોદ યોજના શરૂ કરવા આયોજન



દાહોદ,

સંકલિત બાળ વિકાસ યોજના દાહોદ જીલ્લામાં કુલ ૯ તાલુકાના ૨૧ ઘટકમાં ૩૦૫૬ આંગણવાડી કેન્દ્રોના લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધાર લાવવા માટે વિવિધ યોજનાઓ જેવી કે પુરક પોષણ, ગરમ નાસ્તો, દૂધ સંજીવની યોજના, પોષણ સુધા યોજના મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના વગેરે કાર્યરત છે.

આધુનિકયુગની નવી-નવી ટેકનોલોજીના ઉપયોગના માદયમ થી આંગણવાડી કેન્દ્રોમાંથી અપાતી સેવાઓ વધુ સારી રીતે તમામ લાભાર્થી ને મળે,લાભાર્થીના પોષણસ્તરમાં સુધારો થાય, યોજનાના વધુ સારૂ અમલીકરણ થાય તે માટે અસરકારક પગલા અને આયોજન કરી શકાય વગેરે બાબતો કેટલાક સમય થી જીલ્લાકક્ષાએ વિચારણા ચાલી રહી હતી.

ICDS યોજનાનું સુચારૂરૂપથી અને સુદઢ રીતે આંગણવાડીનું મોનીટરીંગ કરી શકાય તથા છેવાડાના લાભાર્થી સુધી લાભ મળે તેની સુનિશ્ચિત કરવાના હેતુથી જીલ્લા કક્ષાએ સુપોષિત-દાહોદ યોજના ચાલુ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

આંગણવાડી કેન્દ્ર માંથી આપતી સેવાઓ બાબતે ક્યારેક કેટલીક વખત ફરિયાદો આવતી હોય છે અને આ ફરિયાદો કાર્યકર દ્વારા યોગ્ય કામગીરી ના અભાવે હોય છે ઉપરાંત મુખ્યસેવિકા અને' સીડીપીઓ દ્વારા યોગ્ય સપોર્ટીવ સુપરવિઝન અને મોનીટરીંગ નો અભાવ હોય છે. તે માટે આંગણવાડીકેન્દ્ર કક્ષા, સેજાકક્ષા, ઘટકકક્ષા અને લાભાર્થી સહિત તમામ સ્તરે યોગ્ય મોનિટરીંગ અને સુપરવિઝન હોવું ખુબ જરૂરી છે. લાભાર્થીને સારી સેવા મળે તે માટે વર્કર, મુખ્યસેવિકા, સીડીપીઓ પોતાની ફરજ અને જવાબદારી સાથે સારી કામગીરી કરે તે જોવુ જરૂરી છે. એ સાથે લાભાર્થી ને મળતા લાભ અંગે તેમના પાસેથી યોજનાના પ્રતિભાવ જાણવા પણ જરૂરી છે જેમકે, લાભાર્થીઓને નિયમિત અને પૂરતા પ્રમાણમાં સમયસર સેવા મળે છે તે માટે લાભાર્થી સાથે વાત કરવી જરૂરી છે જેથી સુપોષિત-દાહોદ યોજનાની પહેલ કરવામાં આવી છે.

૩૦૫૬ આંગણવાડી કેન્દ્ર પર દરરોજ રૂબરૂ મુલાકાત લઇ યોજનાનું મોનીટરીંગ કરવું શક્ય નથી, જેથી ડિજીટલ માધ્યમ દ્વારા વિડીયોકોલ, લાઇવ લોકેશન શેરીંગ, ટેલીફોન વગેરે માધ્યમથી ઓછા સમયમાં વધુમાં વધુ આંગણવાડીનું મોનીટરીંગની કામગીરી કરી શકાય છે. તે માટે જણાવ્યા મુજબનું આયોજન કરાયું છે. આંગણવાડી કાર્યકરે દરરોજ સમય તારીખ તથા સ્થળ દર્શાવે એવી એપ્લીકેશનથી સવારે ૧૦,૦૦ કલાકે જયારે દૂધ અને સવારનો નાસ્તો વિતરણ કરવામાં આવે ત્યારે એક લાઈવ ફોટો અને બીજો ફોટો બપોરે ૧.૦૦ કલાક સુધીમાં બીજો ફોટો જયારે ગરમ નાસ્તો અથવા પોષણ સુધા યોજનાનો લાભ આપતા હોય ત્યારે એમ ૨ ફોટો મુકશે. ટીમ દ્વારા દરરોજ ૫ આંગણવાડી વર્કર ને વિડીયોકોલ કરવામાં આવશે. સાથોસાથ રેન્ડમ આંગણવાડી લાભાર્થી ને પણ ફોન કરવામાં આવશે. જેથી દૈનિકની લાભાર્થીની હાજરી, નાસ્તાનો મેનુ, જથ્થો, અને સમયનું મોનીટરીંગ કરી શકાય. આંગણવાડી કેન્દ્રના લાભાર્થીને ફોન કરી તેમને મળતી સેવાઓ અંગે માહિતી મેળવવામાં આવશે.

મુખ્ય સેવિકાએ સવારે આંગણવાડી કેન્દ્રની વિઝીટમાં ગયા હોય તે કેન્દ્રનું નામ દેખાય એ રીતે અને મુખ્યસેવિકા દેખાય તે રીતે એક ફોટો અને આંગણવાડી છોડે ત્યારે બીજો ફોટો પાડીને મુકવાનો રહેશે. જો મુખ્યસેવિકા ૧ થી વધુ કેન્દ્રો પર મુલાકાત જાય તો બંને કેન્દ્રોના ફોટો મુકવાના રહેશે. મુખ્ય સેવિકા દ્વારા ૯ થી ૪ વાગ્યા સુધીમાં ફાળવેલ ફરજ દરમિયાન આંગણવાડી કેન્દ્ર પર કરવામાં આવેલી કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવશે. ફિલ્ડ વિઝીટ દરમિયાન મુખ્ય સેવિકા દ્વારા કરવામાં આવતી કામગીરીનું વિડીયોકોલ દ્વારા મોનીટરીંગ કરવામાં આવશે. આ ઉપરાંત આંગણવાડી ની સેવા વધુ સારૂં રીતે આપવા માટે ના સૂચનો ની નોધ કરવામાં આવશે.

CDPO દ્વારા પોષણ ટ્રેકરના આધારે જે આંગણવાડી કેન્દ્રની કામગીરી નબળી હોય અને કુપોષિત બાળકો વધારે હોય તેવી આંગણવાડી કેન્દ્રની મુલાકાત ને અગ્રતા સાથે મુલાકાતનું આયોજન કરી મુલાકાત લેશે. ટીમએ CDPO દ્વારા આંગણવાડી કેન્દ્રમાં કુપોષણ ઘટાડવા, લાભાર્થીનો વ્યાપ વધારવા, સુવિધા વધે તે માટેના માટેના કરેલ પ્રયાસો માહિતી મેળવવામાં આવશે.

આ કોલ સેન્ટર ચાલુ કરતા પેહલા તમામ વર્કર મુખ્ય સેવિકા અને ICDS તમામ સ્ટાફને યોજના અંગેની તમામ વિગતો સાથે તાલીમ આપવામાં આવશે. જીલ્લા કક્ષાએથી ૨ DPA અને ૪ જીલ્લા કોડીનેટર સાથેની ટીમ અને તાલુકા કક્ષાએથી ૪૧ કોડીનેટર સાથેની ટીમ વિડિયોકોલ ટેલીફોનીકકોલ અને ફોટા દ્વારા મુલ્યાંકન કરશે અને તેના આધારે આંગણવાડી વર્કર, મુખ્ય સેવિકા અને CDPOની આંગણવાડી કેન્દ્રની મુલાકાત અને કામગીરીનો પ્રગતિ અહેવાલના આધારે માસના અંતે કાર્યવાહીની વિગતો DPA દ્વારા રજુ કરવામાં આવશે. જ્યાં નબળી કામગીરી હશે ત્યાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

આમ ઉપરોકત યોજનાની મદદથી દાહોદ જીલ્લાના આંગણવાડી કેન્દ્રની વિવિધ યોજનાનું વર્કર, મુખ્ય સેવિકા અને CDPO એમ ત્રિસ્તરીએ સુપરવિઝન અને મોનીટરીંગ કરી કામગીરીનું વિડીયોકોલ અને ફોટા દ્વારા મોનીટરીંગ કરી દરેક તબક્કે યોજના વધુ સુદ્રઢ બનશે.

## દાહોદના ખરેડી ગામે છ ફેકટરીના તાળા તોડી તસ્કરો ચોરી કરતાં CCTVમાં કેદ થયા



દાહોદ,

દાહોદ તાલુકાના ખરેડી ગામે આવેલ મેઘા જીઆઈડીસી ખાતે થોડા દિવસો પહેલાં એક સાથે નવેક ફેક્ટ્રીઓમાં ચોરીની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી. ત્યાં ગતરોજ રાત્રીના સમયે ફરીવાર તસ્કરોએ પાંચથી છ ફેક્ટ્રીઓને નિશાન બનાવી ફેક્ટ્રીઓના તાળા તોડી ચોરીઓને અંજામ આપતાં સમગ્ર જીઆઈડીસી વિભાગના વેપારીઓમાં ફફડાટ સાથે પોલીસની કામગીરી પર અનેક સવાલો ઉભા થવા પામ્યાં છે. ચોરીની સમગ ઘટના ફેક્ટ્રીમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતાં હવે હાલ પોલીસ આ તસ્કરોને પકડવામાં સફળતા મેળવશે કે કેમ ? તે જોવાનું રહ્યું.

આજથી દશ, પંદર દિવસ અગાઉ દાહોદ તાલુકાના ખરેડી ગામે આવે મેઘા જીઆઈડીસી ખાતે તસ્કરોએ એ.એમ. ફ્રેશ એગ્રો ઈન્ડ્રસ્ટ્રીસ, સૈફી ફુડ પ્રોડક્ટ, સ્કાય મીનરલ, ધવલ ફુડ પ્રોડક્ટ, માઝ એગ્રો, રોયલ એગ્રો, બાબજી એન્ટરપ્રાઈઝન, વતન ઓવરસીસ અને ગીદસા ફાર્માસીસમાં તસ્તરોએ હાથફેરો કરી રોકડ રકમની ચોરી કરી નાસી ગયાં હતા. ત્યારે આ મામલે જીઆઈડીસીની વેપારીઓએ સ્થાનીક પોલીસ મથકે જાણ કરી હતી. ત્યારે સ્થાનીક વેપારીઓના જણાવ્યાં અનુસાર, આ મામલે પોલીસ કંઈ ધ્યાન ન આપતાં અને તસ્કરોને પકડી પાડવામાં ચક્રોગતિમાન ન કરતાં તસ્કરોની હિંમત વધી છે અને ગતરોજ ફરીવાર તસ્કરોએ જીઆઈડીસીની પાંચથી છ ઈન્ડ્રસ્ટ્રીઝમાં ચોરીને અંજામ આપ્યો છે. એકપછી એક ઈન્ડસ્ટ્રીઝમાં વધી રહેલી ચોરીઓની ઘટનાને પગલે અહીંના વેપારીઓમાં ફફડાટ સાથે પોલીસની કામગીરી પર પણ અનેક સવાલો ઉભા થવા પામ્યાં છે. તસ્કરોને હિંમત મળી રહી છે અને જાણે તસ્કરો પોલીસને ખુલ્લો પડકાર ફેંકી રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે. અગાઉની ચોરીઓને દયાનમાં રાખી જો સ્થાનીક પોલીસ તસ્કરોને ઝડપી પાડવામાં સફળતા મેળવતી તો ગતરોજ પુનઃ ચોરીની ઘટના ન બનતી તેવી ચર્ચાઓ પણ અહીંના વેપારીઓમાં થવા પામી હતી. અગાઉ ચોરીની ઘટના બની ત્યારે અહીંના વેપારીઓ દ્વારા સંબંધિત તંત્રને મળી જીઆઈડીસી ખાતે એક પોલીસ મથકની ખોલવામાં આવે તેવી રજુઆત પણ કરી હતી. કારણકે, જીઆઈડીસી વિસ્તારમાં પોલીસ મથક ન હોવાને કારણે ચોરીઓ અને અસામાજીક તત્વોનો ભય અહીંના વેપારીઓને સતાવી રહ્યો છે. આ વિસ્તારમાં પોલીસ મથક ખોલવામાં આવે તેવી લાગણી અને માંગણી અહીંના સ્થાનીક વેપારીઓમાં ઉઠવા પામી છે. પોલીસ મથક દુર હોવાને કારણે તસ્કરો તેમજ અસામાજીક તત્વોને આ વિસ્તારમાં મોકળુ મેદાન મળી રહ્યું છે. જીઆઈડીસીમાં ચોરીની ઘટનાઓ ફેક્ટ્રીમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતાં તસ્કરોએ આ સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ પણે જોઈ શકાય તેમ છે. સીસીટીવી કેમેરામાં તસ્કરોની ટોળકી જોવા મળી રહી છે. સમગ્ર મામલે પોલીસ આ સીસીટીવી કેમેરાની ફુટેજના આધારે તેમજ ટેકનીકલ સોર્સના માદયમથી તાત્કાલિક ધોરણે તસ્કરોને ઝડપી પાડે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

## દાહોદમાં તાલુકા પંચાયત માર્ગ ઉપર ભુર્ગભ ગટર લાઈનમાં ભંગાણ સર્જાતા ગંદુ પાણી રોડ ઉપર રેલાયું





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના તાલુકા પંચાયત જવાના માર્ગે ભુગર્ભ ગટરની ચેમ્બરમાં ભંગાણ સર્જાતા આ ભુગર્ભ ગટર ઉભરાતા ગટરના ગંદા પાણી તાલુકામાં પંચાયતના ભવનમાં ધુસી ગયાં અને સાથે સાથે આ ગટરના ગંદા પાણી રસ્તા પર ફેલાઈ જતાં ભારે દુર્ગંધનો સામનો અહીંથી અવર જવર કરતાં વાહન ચાલકો અને રાહદારીઓને તેમજ તાલુકા પંચાયત ખાતે કામકાજ માટે આવતાં લોકોને કરવો પડ્યો હતો.

દાહોદ સ્માર્ટ સીટીનો નજારો હાલ કંઈક જોવા જેવો જ છે, જ્યાં જુઓ ત્યાં અસહ્ય ગંદકી જોવા મળી રહી છે. ઈન્દૌરથી સ્થાનીક વહીવટી તંત્ર દ્વારા બોલાવવામાં આવેલ સ્વચ્છતા મીશનની ટીમની કામગીરી પણ પોકળ સાબીત થતી જોવા મળી રહી છે. ત્યારે દાહોદ તાલુકા પંચાયત તરફ જવાના માર્ગે ભુગર્ભ ગટરની ચેમ્બરમાં ભંગાણ સર્જાતા આ ભુગર્ભ ગટર ઉભરાતાં આ ભુગર્ભ ગટરના ગંદા પાણી નજીકમાં આવેલ તાલુકા પંચાયત ભવનમાં રેલાઈ ગયાં હતા. જેને પગલે તાલુકા પંચાયત કચેરીના ભવનની બહાર ગટરના ગંદા પાણી ફેલાઈ ગયાં હતા. જેને પગલે અહીં કામકાજ માટે આવતાં લોકોને ગટરના આ ગંદા પાણીમાંથી પસાર થવાનો વારો આવ્યો હતો સાથે સાથે આ ગટરના ગંદા પાણી રસ્તા પર પણ રેલાતા અહીંથી પસાર થતાં રાહદારીઓ અને વાહન ચાલકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. ગટરના ગંદા પાણી રેલાતા ભારે અસહ્ય દુર્ગંધ ફેલાઈ જવા પામી હતી. ગટર ઉભરાતા ભુગર્ભ ગટરની કામગીરી કેવા પ્રકારની હશે તેનો ક્યાસ લગાવી શકાય છે.

ભાર વગરનું ભણતરની મોટી મોટી વાતો કરતી સરકાર બાળકો શાળાએ જતા મોટા મોટા દફતર ટાગી ગટરના ગંદા પાણી માંથી પસાર થઈ રહ્યા છે. ભુગર્ભ ગટરના ગંદા પાણી ઉભરાતા અહીંથી શાળાએ જતાં બાળકોને પણ ભારે મુશ્કેલી વેઠવી પડી હતી.

## જીલ્લા ઉદ્યોગકેન્દ્ર દાહોદ દ્વારા સ્વ રોજગાર યોજનાનો લાભ લેવા અનુરોધ

દાહોદ,

આર્થિક રીતે પછાત વર્ગોના સમુહને આવક અને સ્વરોજગાર ઉભા કરવા માટે ઓજારો/સાધનો આપવામાં આવે છે. આ યોજનામાં કુલ ૨૭ પ્રકારના ટ્રેડના સાધનો/ઓજારોનો લાભ અપાય છે જેમાં કડીયાકામ, સેન્ટીંગ કામ, વાહન સર્વિસીંગ, અને રીપેરીંગ, મોચી કામ, ભરત કામ, દરજી કામ, સુથારી કામ, ધોબી કામ, સાવરણી સુપડા બનાવનાર, દુધ-દહી વેચનાર, માછલી વેચનાર, પાપડ બનાવટ, અથાણાં બનાવટ, ગરમ ઠૂડા પીણાં અલ્પાહાર વેચાણ, પંચર કીટ, ફ્લોર મીલ, મસાલા મીલ, રૂ ની દીવેટ બનાવવાની (સખી મંડળની બહેનો) મોબાઈલ રીપેરીંગ પેપર કપ અને ડીશ બનાવટ (સખી મંડળ) હેર કટિંગ (વાળંદ કામ) સમાવિષ્ટ થાય છે.

યોજનાનો લાભ લેવા સમાજના નબળા વર્ગોના લોકો કે જેની ઉંમર ૧૬ વર્ષ થી ૬૦ વર્ષ સુધીની હોય અને કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૧૨૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા.૧૫૦૦૦/- સુધીની હોય અથવા ગ્રામ્ય વિસ્તાર માટે ૦ થી ૧૬ બીપીએલ સ્કોર ધરાવતા હોય અને શહેરી વિસ્તાર માટે સુવર્ણ કાર્ડની નકલ ધરાવતા હોય તેવા લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઈ શકે છે.

આ યોજનાનો લાભ લેવા માટે અરજદારે www.e-kutir.gujarat.gov.in પોર્ટલ ઉપર ઓન લાઈન અરજી કરવાની રહેશે જેમાં અરજદારે આધાર કાર્ડની નકલ,રેશનકાર્ડની પ્રથમ પાનાની તથા બીજા પાનાની પ્રમાણિત નકલ જેમાં અરજદારના નામનો સમાવેશ થયેલ હોય, ઉમરનો પુરાવો, (જન્મનો દાખલો/આધાર કાર્ડ/પાન કાર્ડ/ચૂંટણી કાર્ડ/શાળા છોડયાનું પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક) ગ્રામ્ય વિસ્તારના બીપીએલ નો દાખલો સ્કોર નંબર સાથે અથવા શહેરી વિસ્તાર માટે સુર્વણ કાર્ડની નકલ અથવા આવકનો દાખલો (સરકાર દ્વારા અધિકૃત કરેલ અધિકારીનો), સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ, જાતિનો દાખલો (સરકાર દ્વારા અધિકૃત કરેલ અધિકારીનો) દસ્તાવેજી પુરાવા અપલોડ કરવાના રહેશે વધુ માહિતી માટે જીલ્લા ઉદ્યોગકેન્દ્ર દાહોદ, મુ.પો. ખરોડ તા.જી. દાહોદનો સંપર્ક સાધવા જીલ્લા ઉદ્યોગકેન્દ્ર દાહોદના જનરલ મેનેજરએ યાદીમાં જણાવ્યું છે.

## દાહોદના ભાઠીવાડા ગામે આશ્રમ શાળામાં અભ્યાસ કરતાં ૮ વર્ષીય વિદ્યાર્થીનું સુતેલ હાલતમાં મોત થતાં સ્ટાફ દોડતો થયો

દાહોદ,

દાહોદ તાલુકાના ભાઠીવાડા ગામે ઝેર ફળિયામાં આવેલ આશ્રમ શાળામાં રહીને અભ્યાસ કરતા હિમાલા ગામના ૮ વર્ષીય વિદ્યાર્થીનું અગમ્ય કારણોસર સુતેલ હાલતમાં જ મોત નિપજતાં આશ્રમ શાળાના સંચાલક સહીતનો સ્ટાફ દોડતો થઈ ગયો હતો.

દાહોદ તાલુકાના હિમાલા ગામના ખાંડીવાવ ફળીયામાં રહેતા શૈલેષભાઈ મીઠીયાભાઈ બબેરીયાનો છોકરો ૮ વર્ષીય સાહીલભાઈ બબેરીયા દાહોદ તાલુકાના ભાઠીવાડા ગામે ઝેર ફવિયામાં આવેલ આશ્રમ શાળામાં રહીને અભ્યોસ કરતો હોઈ તે પરમ દિવસ તા. ૨૬-૬-૨૦૨૩ના રોજ રાતે નવ વાગ્યાના સુમારે સઈ ગયો હતો અને સવારે છ વાગ્યે તેને જગાડવાનો પ્રયાસ કર્યો હતો છતાં તે ન જાગતા તેને તાત્કાલીક નજીકના દવાખાને લઈ જવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આ સંબંધે મરણજનાર હિમાલા ગામના ખાંડીવાવ ફળિયાના સાહીલભાઈ બબેરીયાના પિતા શૈલેષભાઈ મીઠીયાભાઈ બબેરીયાએ દાહોદ તાલુકા પોલીસ સ્ટેશને જાણ કરતાં પોલીસે આ સંદર્ભે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દેવગઢબારીયા તાલુકાના પીપલોદ ગામે સ્ટેટ હાઈવે બારીયા રોડ તળાવ ઉપર નાળા પાસે ભુવો પડતા અકસ્માતની ભીતિ



દાહોદ,

દેવગઢબારીયા તાલુકાના પીપલોદ ગામ ખાતે બારીયા રોડ તળાવ ઉપર બનેલા વર્ષો જુના સ્ટેટ વખતના રોડના નાળા ઉપર ચાલુ ચોમાસું સક્રિય બનતા નાળા વચ્ચે લાંબો ભુવો પડતા ક્યારેક કોઈ મોટો અકસ્માત થાય તેમ જણાય રહ્યું છે.

દેવગઢબારીયા-પીપલોદ સ્ટેટ હાઈવે રોડનું કેટલીકવાર સમારકામ થયું પરંતુ હજુ સુધી વર્ષો જુના બારીયા રોડ પીપલોદ તળાવ પાસેના નાળાનું કોઈ રીપેરીંગ કે પછી નવીન નાળાની કામગીરી નહીં થતા આ નાળાના મદય ભાગે લાંબો ભુવો પડયો છે. દિવસ રાત વાહનવ્યવહાર થી ધમધમતા આ સ્ટેટ હાઈવે રોડ ઉપર ઓવરલોડ રેતી ભરેલા ભારે વાહનો પણ પસાર થતા હોય છે. આવા ભારદારી વાહનોના કારણે આ નાળા ઉપર પડેલા ભુવામાં ક્યારેક ઓચિંતા મોટો ભુવો પડતા કદાચ કોઈ વાહન ચાલક અકસ્માતે પડી જતા મોટી જાનહાની થવાની પણ શક્યતા રહેલી છે.

આમ, દેવગઢબારીયા તાલુકાના પીપલોદ ગામે બારીયા રોડ તળાવ ઉપર બનેલા જુના નાળા ઉપર પડેલા ભુવાનું તંત્ર દ્વારા સત્વરે રીપેરીંગ કરવામાં આવે તે જરૂરી છે.

## દાહોદ ધારાસભ્ય દ્વારા અલ્પકાલીન વિસ્તારકોનો ભોજન સમારંભ યોજાયો



દાહોદ,

દાહોદ વિધાનસભા વિસ્તારના અલ્પકાલીન વિસ્તારકો ત્રણ દિવસ જુદા જુદા બુથમાં જઈ ને ઘર ઘર સંપર્ક કર્યો હતો. આ અભિયાન પણ કર્યા બાદ ધારાસભ્ય દ્વારા તમામ વિસ્તારકો અને કાર્યકતાઓને ભોજન કરાવવામાં આવ્યુ હતું.

દાહોદ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા તા.૨૫,૨૬ અને ૨૭ જૂન ૨૦૨૩ દરમીયાન ઘર ઘર સંપર્ક અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં અલ્પકાલીન વિસ્તારકો સતત જુદા જુદા બુથમાં અને પોતાના સિવાયના બુથમાં મોકલવામાં આવ્યા હતા. દાહોદ વિધાનસભા વિસ્તારમાં પણ આ અભ્યાન હાથ ધરવામાં આવ્યું હતું અને સમગ્ર જીલ્લામમાં દાહોદ વિધાનસભા વિસ્તાર સાથી સંઘન સંપર્ક સાથે પ્રથમ ક્રમાકે આવ્યો છે. ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ પણ અલ્પકાલીન વિસ્તારક તરીકે છાપરી ગામે જઈ ઘર ઘર સંપર્ક કર્યો હતો. વિસ્તારકના આ સફળ અભિયાન બાદ તા.૨૮ જુન ૨૦૨૩ ના રોજ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી દ્વારા તમામ વિસ્તારકો, બુથ પ્રમુખો અને કાર્યકતાઓ માટે ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં વિસ્તારકો, બુથ પ્રમુખો અને કાર્યકતાઓ ઉપસ્થીત રહયા હતા. આ ભોજન સમારંભમાં એક સુચના પેટી પણ મુકવામાં આવી હતી. તેમાં વિસ્તારકો એ પોતાના સુચનો લખીને રજૂ કર્યા હતા. હવે ત્રણ દિવસ આ વિસ્તારકો પોતાના બુથમાં જઈ સંપર્ક કરશે. તેમજ તા.૨૯ જુન ૨૦૨૩ નારોજ એક જાહેર સભાને પ્રદેશ ઉપાદ્યક્ષ ગોરધનભાઈ ઝડફીયા સંબોધશે. જેમાં સમ્રર્ગ જીલ્લા માંથી જનમેદની એકત્રિત કરવા આયોજન કરવામાં આવ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.263

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ભળતા નામે સોપારીનો વેપલો

# હાલોલમાં તમાકુ સાથે માવામાં ખાવા માટે વપરાતી સોપારીની રજીસ્ટર્ડ બ્રાન્ડના ભળતા નામે સોપારીનું ઉત્પાદન-વેચાણ ઝડપાયું

હાલોલ,

હાલોલના બાસ્કા ખાતે રજીસ્ટર્ડ કંપનીના નામે ભળતું નામ રાખી સોપારી અને માવો વેચાણ કરતા વેપારીને ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો હતો. સુરતની ઉમા સેલ્સ કંપની તમાકુના માવામાં ખાવા માટે વપરાતી સોપારી 'કાંતિકાકાની સોપારી'ના નામે વેચાણ કરે છે અને આ નામે તેમને કોપીરાઈટ રજીસ્ટ્રેશન પણ કરાવેલું છે. હાલોલના બાસ્કા ગામે રાકેશ હર્ષદલાલ પટેલના ઘર માંથી આ રજીસ્ટર્ડ નામ જેવું ભળતું નામ 'કિરણકાકાની સોપારી' રાખી વેચાતી સોપારી અને માવાનો જથ્થો ઝડપાયો છે. હાલોલ રૂરલ પોલીસ મથકમાં ગુનો નોંધાતા પોલીસે દોઢ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે. સુરતની ઉમા સેલ્સ કંપની છેલ્લા દસ વર્ષથી 'કાંતિકાકાની સોપારી'ના નામે કોપીરાઈટ રજીસ્ટર કરાવી તમાકુના માવામાં ખાવા માટે વપરાતી સોપારીનું વેચાણ કરે છે. હાલોલ વિસ્તારમાં આ રજીસ્ટર્ડ નામ જેવું ભળતું નામ અને પાઉચની ડિઝાઈન રાખી કોપીરાઈટનો ભંગ કરી સોપારી અને માવાના પાઉચ વેચવામાં આવી રહ્યા હોવાથી સુરતના ઉમા સેલ્સ કંપનીએ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ આપતા આજે ફરિયાદી અને પંચો સાથે હાલોલ પહોંચેલા અધિકારીઓએ બાસ્કા ગામે રેડ કરી હતી. બાસ્કા ગામે








શ્રીજી કિરણા સ્ટોરની ઉપર રહેતા રાકેશ હર્ષદલાલ પટેલના મકાનમાં છાપો મારતા મકાન માંથી 'કાંતિકાકાની સોપારી' જેવા જ 'કિરણકાકાની સોપારી'ના પાઉચ અને સોપારીનો જથ્થો મળી આવ્યો હતો. ઝડપાયેલા પાઉચમાં સોપારી પેકીંગ કરેલી હતી અને પાઉચ ઉપર શ્રી મહાકાલ એન્ટરપ્રાઈઝ–હાલોલ લખેલું હતું. પોલીસે ૨૦૦૦ પાઉચનો એક કોથળો એવા ૨૪ કોથળામાં ૪૮,૦૦૦ પાઉચ પ્રતિ પાઉચના ૨ રૂપિયા લેખે કુલ ૯૬,૦૦૦ની કિંમતના પાઉચ ઝડપ્યા હતા. જ્યારે 'કિરણકાકાની સોપારી' નામના પ્લાસ્ટિક પેકીંગ આઉટર થેલી ૨૫૦૦ નંગ જેની કિંમત ૨,૫૦૦ રૂપિયા, અને તમાકુ, ચુના અને સોપારીના ખાવા માટેના તૈયાર માવા મસાલાના ૩૦ કોથળા જેમાં એક કોથળામાં ૨૫ પેકેટમાં ૫૦૦ નંગ તૈયાર માવા મસાલા જેની કિંમત ૨,૦૦૦ રૂપિયા લેખે ૩૦ કોથળાના ૬૦,૦૦૦ના તૈયાર માવા મળી ૦૧ લાખ ૫૮ હજાર ૫૦૦ રૂપિયાનો મુદામાલ કોપીરાઈટના હેઠળ ઝડપી પાડ્યો હતો. રજીસ્ટર્ડ કંપનીની મંજૂરી વગર ભળતા નામે સોપારી વેચવા અને રાખવા બાબતે કોપીરાઈટ એક્ટ હેઠળ પકડાયેલા બાસ્કાના રાકેશ હર્ષદલાલ પટેલે આ જથ્થો હાલોલ ગામે રહેતા અને કિરણ મહેશભાઈ જયસવાલ પાસેથી લીધો હોવાનું કબુલ્યું હતુ અને તેઓ આ નામે હાલોલ જીઆઈડીસીમાં ઉત્પાદન કરતા હોવાનું પણ જણાવતા ઉમા સેલ્સ કંપનીના માલિક હસમુખભાઈ ભગવણભાઈ પટેલે હાલોલના કિરણ જયસવાલ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી છે.

## ગોધરા સહિત જીલ્લામાં સાર્વત્રિક વરસાદ થયો



ગોધરા,

ગોધરા શહેરમાં સમી સાંજે વિજળીના ધમકારા અને કડાકા ધડાકા સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.ગોધરા શહેર સહિત જીલ્લામાં બે દિવસથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે આજરોજ મોડી સાંજે ગોધરા શહેરમાં કડાકા ધડાકાભેર મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી કરતાં શહેરના માર્ગો પાણી પાણી થયા છેલ્લા કેટલાક દિવસથી વાદળછાયા વાતાવરણ થતાં વરસાદ નહિ વરસતા ગરમીનો અહેસાસ થતાં હતો પરંતુ મોડી સાંજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. વરસાદ સાથે ચોમાસાની શરૂઆત થવા પામી છે. સાથે જીલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદનું આગમન થતાં ઠંડક ખેડુતોમાં આનંદ.

## શહેરા નગર અને ડોકવા ગામે વરસાદી માહોલ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગર અને તાલુકાના ડોકવા ગામ સહિત આજુબાજુ નો વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. સવારથી જ તાલુકા પંથકમાં વાતાવરણમાં પલટો આવવા સાથે છૂટો છવાયો વરસાદ શરૂ થયો હતો. જોકે, ચાર વાગ્યા બાદ મેઘરાજાની મહેર થતા ડોકવા ગામ સહિતના આજુબાજુનો વિસ્તારમાં એક કલાક કરતા વધુ સમય સુધી વરસાદ શરૂ રહેતા ખેતી માટે ફાયદારૂપ વરસાદ વરસ્યો હોય જેથી વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ હતી.

## ગોધરા તાલુકાના ટીમ્બા ગામ પાસે ઈકો ગાડીએ રીક્ષાને આગળથી ટક્કર મારી ચાલકને ઈજાઓ પહોંચાડતા મોત

ગોધરા,

ગોધરા તાલુકાના ટીમ્બા ગામ પાસે રીક્ષા ચાલક ઘરેથી બે બાળકો લઈને નિકળેલ હતા. દરમિયાન રોડ ઉપર ઈકો ગાડીના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રીક્ષાને ટકકર ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ઉદલપુર જતા રોડ ઉપર ટીમ્બા ગામ પાસેથી રાજકુમાર મગનભાઈ પરમારના ભાઈ રોહિતભાઈ પરમાર ઉ.વ.૩૮ ઓટોરીક્ષા નં. જીજે.૧૭૩વીવી.૩૮૯૫ માં ધવલ અશોકભાઈ બારીયા ઉ.વ. ૧૦ પૃથ્વી સંજયભાઈ બારીયા ઉ.વ.૧૩ સાથે રતનપુરથી કાંકડી નવીનગરીથી નિકળ્યા હતા. ત્યારે ટીમ્બા ગામ પાસે ઈકો ગાડી નં. જીજે.૦૭.ડીડી.૧૧૧૫ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવીછ રીક્ષાને આગળથી ટકકર મારી અકસ્માત સર્જીને રોહિતભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવી ગુન્હો કર્યાની ફરિયાદ કાંકણપુર પોલીસ મથકે નોંધાવા પામી.

## ગોધરામાં ચોમાસાની શરૂઆત સાથે પશુઓનો ત્રાસ વધ્યો : બે આખલા જાહેરમાં બાખડતા વાહન ચાલકો પરેશાન



ગોધરા,

ગોધરા શહેરમાં ચોમાસાના વરસાદની શરૂઆત થતાં જાહેર માર્ગો ઉપર રખડતા પશુઓએ અડીંગો જમાવતા જોવા મળ્યા સાથે આખલા બખડતા બાઈક સવાર અફડેટમાં આવ્યો.

ગોધરામાં ચોમાસાની શરૂઆત સાથે રખડતા પશુઓને ત્રાસ સામે આવ્યો છે. સામાન્ય દિવસોમાં રોડ સાઈડોમાં રખડતા પશુઓ વરસાદ પડતાની સાથે રોડ ઉપર અર્ડીંગો જમાવતા વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. બસ સ્ટેશન પાસે પોલીસ હેડકવાર્ટસ ગેટ પાસે બે આખલાઓ એક કલાક સુધી બાખડતા વાહન ચાલકો અને રાહદારીઓ પરેશાન થયા હતા. એક બાઈક સવાર રોડ ઉપર પટકાયો હતો. જાહેર માર્ગ ઉપર બાખડેલ આખલાઓને ભારે જહેમતે છુટા પાડવામાં આવ્યા.

## પંચમહાલ જીલ્લા પોલીસવડા દ્વારા ઈદના તહેવારને લઈ શાંતિ સમિતીની બેઠક યોજી



ગોધરા,

ઈદના તહેવાર નિમિત્તે પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા શાંતિ સમિતિની મીટીંગ તારીખ ૩૦ જૂન ૨૦૨૩ નારોજ પોલીસ હેડ કોટર ગોધરા ખાતે પંચમહાલ જિલ્લાના વડા હિમાંશુ સોલંકની અધ્યક્ષતામાં યોજવામાં આવી. જેમાં પંચમહાલ જિલ્લાના અગ્રણીઓ સમાજસેવીઓ તેમજ શાંતિ સમિતિના સભ્યો હાજર રહી ઈદની મુબારક બાદ આપી તહેવાર શાંતિ થી પસાર થાય તે માટે આહવાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડીવાયએસપી પરાક્રમસિંહ રાઠોડએ મોટીવેશનલ સ્પીચ આપી સૌનું દિલ જીતી લીધું હતું.

## વેજલપુર ગામે બે ઈસમો જાતિઅપમાનિત કરી મારમારતાં ફરિયાદ

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ભોઈવાડામાં રહેતા ફરિયાદી શાકભાજી લેવા જતા હોય ત્યારે આરોપીના ઘર આગળથી નિકળતા હોય ત્યારે મારી બેનના ઘરે રસીકરપુ કેમ ગયેલ તેમ કહી જાતિ અપમાનિત કરી તમારી છોકરીઓને અમારે રાખવાની છે. આ છોકરીના લગ્ન મારા ભાઈ સાથે કરાવી દે તેમ ઉશ્કેરાઈ જઈ ઈંટ કપાળમાં મારી ઈજાઓ કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલના વેજલપુર ભોઈવાડામાં રહેતા કૌશિકભાઈ તીકમભાઈ પરમાર શાકભાજી લેવા માટે આરોપી ટીકુભાઈ ભાથીભાઈ બારોટના ઘર આગળથી નિકળતા હોય ત્યારે આરોપીએ ગાળો આપી તમે લોકો મારી બહેનને ઘરે રસિકપુર કેમ ગયેલ તેમ કહી જાતિ અપમાનિત કરી. આ છોકરી મીનાબેન સોલંકીનું લગ્ન અર્પિત સાથે કોઈપણ રીતે કરાવી દેશો જો શોધવાની કોશિષ કરી તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી ઉશ્કેરાઈ જઈ ટીકુભાઈ બારોટ ઈંટ લઈ કપાળમાં મારી ઈજાઓ પહોંચાડી ગુન્હો કરતાં આ બાબતે વેજલપુર પોલસી મથકે ટીકુંભાઈ બારોટ, લાલાભાઈ બારોટ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં મનરેગા યોજના અંતર્ગત વેન્ડર મુદ્દત વધારવા બ્હાલી અપાઈ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ માટીએડા અને તાલુકા પંચાયતના પ્રમુખ રયજી નાયકની ઉપસ્થિતિમાં સામાન્ય સભા મળી હતી. તાલુકા પંચાયતની મળેલ સામાન્ય સભામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૦૨૩ ના વેન્ડર ને મુદત વધારવા બાબત તેમજ સામાન્ય સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવા બાબત સહિતની અનેક ચર્ચાઓ ઉપસ્થિત તાલુકા પંચાયતના સભ્યો સાથે કરાઈ હતી. આ મળેલ સામાન્ય સભા એક કલાક સુધી ચાલી હતી. જેમાં પાણી પુરવઠા, વીજ કચેરીને લગતા પ્રશ્નો પણ રજૂ થયા હતા. જોકે, આ મળેલ સામાન્ય સભામાં ઉપસ્થિત તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ આવનાર ૩૦/૬ નારોજ નિવૃત થતા હોય તેમજ અઢી વર્ષની ટર્મ પૂરી થઈ રહેલ હોય ત્યારે પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી અધ્યક્ષ સહિતનાં હોદ્દેદારોની છેલ્લી સામાન્ય સભા હોય તેમ કહીએ તો નવાઈ નહી. જ્યારે તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જશવંતસિંહ સોલંકીએ ચોમાસાની ઋતુ દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવે અને બીમારી વધે નહીં તે માટે અલગ અલગ ટીમો બનાવીને ઘરે ઘરે સર્વે કરવામાં આવે તે માટેનું આયોજન કરે તેવી રજૂઆત કરી હતી. આ મળેલ સામાન્ય સભા તાલુકા પંચાયતના પ્રમુખ અને તાલુકા સદસ્યની રજૂઆત સાથે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી.

## સરદાર પટેલ યુનિવર્સિટી, સમાજશાસ્ત્ર વિભાગમાં PHD કરતાં વિદ્યાર્થી દિપક વી.પરમારને Best Performance Award જોધપુર મુકામે એનાયત

ગોધરા,

જય નારાયણ વ્યાસ યુનિવર્સિટી, સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા તા.૨૩ –૨૪/ ૦૬/૨૦૨૩ નારોજ જોધપુર મુકામે ભારતમાં આદિવાસીના વિકાસની નીતિ અને એને સફળ બનાવવા માટેના પ્રયાસો વિષય પર બે દિવસીય ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન થયું હતું. તેનો પ્રારંભ યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર પ્રો. કે.એલ.શ્રીવાસ્તવ તેમજ ભારતના યુવા સમાજશાસ્ત્રી પ્રો. રમેશ મકવાણા, પ્રો. મીનાક્ષી મીનાએ અને પ્રો.જગન્નાથ કરાડે આદિવાસી વિકાસની નીતિને સફળ બનાવવા માટે કયા કયા પ્રયાસો કરવા જોઈએ તેના વિશે વ્યાખ્યાન આપીને કર્યો હતો. આંતરરાષ્ટ્રીય સેમિનારમાં દિપક પરમારે સ્થળાંતરીત આદિવાસી મહિલા મજૂરોની સ્થિતિ અને સમસ્યાઓ પર પેપર રજૂ કર્યું હતું. તેમાં ભારતના અલગ અલગ દેશ તેમજ રાજ્ય માંથી અનેક યુવા સંશોધકો, પ્રોફેસરો, એનજીઓના કાર્યકરો, બુદ્ધિજીવીઓ અને સમાજ સેવકો સહભાગી થયા હતા.

આ કાર્યક્રમમાં સરદાર પટેલ યુનિવર્સિટીના, સમાજશાસ્ત્ર વિભાગમાં પી.એચ.ડી. કરતાં વિદ્યાર્થી અને પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ઉજડા ગામના વતની દિપકકુમાર વી. પરમારને Best Performance Award આંતરરાષ્ટ્રીય સેમિનારમાં પ્રો. મીનાક્ષી મીના તેમજ પ્રો. અરવિંદ માહલેના હસ્તે એનાયત થયો હતો.

શિક્ષણ ક્ષેત્રે દિપક પરમાર નોંધપાત્ર કામગીરી કરી રહ્યા છે. તેમના ૦૬ શોધ લેખો પ્રકાશિત થયેલ છે. ૧૪ સંશોધન પેપરો નેશનલ સેમિનાર અને કોન્ફરન્સોમાં રજૂ કરેલ છે. તેમજ તેમણે ૪ વર્કશોપ પણ પૂર્ણ કરેલ છે. દિપક પરમારે ખરેખર સરદાર પટેલ યુનિવર્સિટીનું તેમજ સમાજશાસ્ત્ર વિભાગનું ગુજરાત સ્તરે ગૌરવ વધાર્યુ છે. તે બદલ સરદાર પટેલ યુનિવર્સિટી પરિવાર તેમના સૌ મિત્રો તેમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે.

## ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે ૧૯ જુને ટ્રેન અને પ્લેટ ફોર્મ વચ્ચે ફસાયેલ મુસાફરોને GRP જવાને જીવ બચાવ્યો



ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે ૧૯ જુન નારોજ હરિદ્વારથી બાંદ્રા તરફ જતી ટ્રેન માંથી મુસાફર પાણી લેવા ઉતર્યા બાદ ટ્રેન ઉપડી જતાં ટ્રેનમાં ચડવા જતાં પ્લેટ ફોર્મ અને ટ્રેન વચ્ચે ફસાયેલ મુસાફરનો જી.આર.પી. જવાને જીવ બચાવ્યાની ઘટના સીસી ટીવી માં કેદ થયાનું સામે આવ્યું.

માહિતી મુજબ ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે ૧૯ જુન નારોજ હરિદ્વાર થી બાંદ્રા જતી ટ્રેન ગોધરા પ્લેટ ફોર્મ ઉપર રોકાતા મુસાફર પાણી ભરવા નીચે ઉતરેલ હતો. દરમિયાન ટ્રેન ઉપડતા મુસાફર ટ્રેનમાં ચડવા જતાં પડી જવાથી ટ્રેન અને ઉપડતા મુસાફર ટ્રેનમાં ચડવા જતાં પડી જવાથી ટ્રેન અને પ્લેટ ફોર્મ વચ્ચે ફસાયો હતો. દરમિયાન જી.આર.પી. જવાને સમય સુચકતા વાપરીને મુસાફરનો જીવ બચાવ્યો હોવાની ઘટના સીસી ટીવીમાં કેદ થઈ. જી.આર.પી. જવાને મુસાફરની જીંદગી બચાવીછ ફરજ અને માનવ ધર્મનું પાલન કર્યું.

## ફતેપુરા તાલુકાના પાટી ખાતે એકલ વિદ્યાલયના આચાર્ય ભાઈ-બહેનોનો માસિક અભ્યાસ વર્ગ યોજાયો

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના પાટી મુકામે એકલ વિદ્યાલયના આચાર્ય મિત્રોનો માસિક અભ્યાસ વર્ગ યોજાઈ ગયો. ફતેપુરા તાલુકાના મોટા નટવા સંચમાં ૩૦ જેટલા એકલ વિદ્યાલયો ચાલે છે. જેમાં આ વિદ્યાલયોમાં ૩૦ આચાર્ય ભાઈ–બહેનો પોતાના વિદ્યાલયમાં આવનાર બાળકોને શિક્ષણ સાથે સંસ્કાર આપવાનુ ભગીરથ અને પુણ્ય કાર્ય કરી રહ્યા છે. બાળકોને શિક્ષણની સાથે–સાથે પ્રાર્થના, વડીલોનો આદર કરવો, માં–બાપ અને ગુરૂજીને પગે લાગવું, વ્યસન અને ફેશનથી દૂર રહેવું, હંમેશા સાચું બોલવું, ચોરી કરવી નહિ, પ્રમાણિક જીવન જીવવું જેવા સંસ્કારના પાઠ શીખવામાં આવે છે અને આવા આચાર્ય મિત્રોનો એક દિવસીય માસિક અભ્યાસ વર્ગ તારીખ ૨૮/૬ /૨૦૨૩ નારોજ પાર્ટી ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં સંચના આચાર્ય લાલાભાઈ મુકેશભાઈ નિનામા તથા કટારા ગુરૂજી ઉપસ્થિત રહીને તમામ આચાર્યોને પોતાના વિદ્યાલયમાં આવનાર બાળકોને શિક્ષણની સાથે સંસ્કાર આપવા માટે આહવાન કર્યું હતું તથા પોષણવાટીકા, આરોગ્ય યોગ, પંચમુખી શિક્ષા જેવી બાબતોની ચર્ચા કરી તમામ આચાર્યોને સુંદર રીતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.